Extra No. 316

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, SEPTEMBER 1, 2025 / BHADRA 10, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૫

તારીખ: ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૫-ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૫ના ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૭ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 17 OF 2025.

THE GUJARAT GOODS AND SERVICES TAX (SECOND AMENDMENT) BILL, 2025.

A BILL

further to amend the Gujarat Goods and Services Tax Act, 2017.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૨૫નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૭.

ગુજરાત માલ અને સેવા વેરા (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૨૫.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત માલ અને સેવા વેરા (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૨૫ કહેવાશે.

(૨) આ અધિનિયમમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય,-

(ક) કલમ ૬ સન ૨૦૨૫ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવી હોવાનું ગણાશે; અને

(ખ) બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે:

પરંતુ આ અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫-મો.

૨. ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં,-

(૧) ખંડ (૬૧)માં, "કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, "આ અધિનિયમની કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૫-ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ" એ શબ્દો, કૌંસ અને આંકડા, સન ૨૦૨૫ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ મૂકવા;

સન ૨૦૧૭નો ૧૩મો.

(૨) ખંડ (૬૯)માં, પેટા-ખંડ (ગ)ને બદલે, નીચેનો પેટા-ખંડ મૂકવો:-

"(ગ) નગરપાલિકા (મ્યુનિસિપલ) સમિતિ, જિલ્લા પરિષદ, જિલ્લા બોર્ડ અને કેન્દ્ર સરકાર અથવા કોઈ રાજ્ય સરકાર દ્વારા મ્યુનિસિપલ (નગરપાલિકા) ફંડ અથવા સ્થાનિક ફંડનું નિયંત્રણ અને સંચાલન જેને સોંપવામાં આવ્યું હોય તેવું અથવા તેને માટે કાયદેસર રીતે હકદાર હોય તેવું બીજું કોઈ સત્તામંડળ.

સ્પષ્ટીકરણ.- આ પેટા-ખંડના હેતુ માટે-

(ક) "સ્થાનિક ફંડ" એટલે પંચાયત વિસ્તારના સંબંધમાં નાગરિક (સુવિધા) સંબંધિત કાર્યો કરવા માટે સંસ્થાપિત સ્થાનિક સ્વરાજ્યના કોઈ સત્તામંડળના નિયંત્રણ અથવા સંચાલન હેઠળનું અને કોઈપણ વેરો, શુલ્ક, ટોલ, સેસ (ઉપકર) અથવા ફી લેવા, વસૂલવા અને વિનિયોગ કરવાની કાયદાથી સત્તા ધરાવતું ગમે તે નામે ઓળખાતું કોઈ ફંડ;

(ખ) "મ્યુનિસિપલ (નગરપાલિકા) ફંડ" એટલે મહાનગર (મેટ્રોપોલિટન)ના વિસ્તાર અથવા મ્યુનિસિપલ વિસ્તારના સંબંધમાં નાગરિક (સુવિધા) સંબંધિત કાર્યો કરવા માટે સંસ્થાપિત

સ્થાનિક સ્વરાજ્યના કોઈ સત્તામંડળના નિયંત્રણ અથવા સંચાલન હેઠળનું અને કોઈપણ વેરો, શુલ્ક, ટોલ, સેસ અથવા ફી લેવા, વસૂલવા અને વિનિયોગ કરવાની કાયદાથી સત્તા ધરાવતું ગમે તે નામે ઓળખાતું કોઈ ફંડ;";

(૩) ખંડ (૧૧૬) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(૧૧૬ક) "વિશિષ્ટ ઓળખ ચિહ્ન (યુનિક આઈડેન્ટિફિકેશન માર્કિંગ)" એટલે કલમ ૧૪૮ક-ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલ વિશિષ્ટ ઓળખ ચિહ્ન અને તેમાં ડિજિટલ સ્ટેમ્પ, ડિજિટલ ચિહ્ન અથવા જે વિશિષ્ટ, સુરક્ષિત અને દૂર કરી ન શકાય તેવા તેના જેવા બીજા કોઈપણ ચિહ્નનો સમાવેશ થાય છે;".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૨-નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં, પેટા-કલમ (૪) કમી કરવી.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૩નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩માં, પેટા-કલમ (૪) કમી કરવી.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ઘ)માં,-

(૧) "પ્લાન્ટ અથવા મશિનરી" એ શબ્દોને બદલે, "પ્લાન્ટ અને મશિનરી" એ શબ્દો મૂકવા અને તે, સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવ્યા હોય તેમ મૂક્યા છે એમ ગણાશે;

(૨) વિદ્યમાન સ્પષ્ટીકરણને, તેના સ્પષ્ટીકરણ ૧ તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલા સ્પષ્ટીકરણ ૧ પછી, નીચેનું સ્પષ્ટીકરણ ઉમેરવું:-

"**સ્પષ્ટીકરણ ૨.**- ખંડ (ઘ)ના હેતુઓ માટે, આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે કોઈપણ કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા બીજા સત્તામંડળના કોઈપણ ચુકાદા, હુકમનામા અથવા હુકમમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, 'પ્લાન્ટ અથવા મશિનરી'ના કોઈપણ સંદર્ભનો અર્થ, હંમેશા 'પ્લાન્ટ અને મશિનરી' ના સંદર્ભ તરીકે ગણાશે;".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૨૦નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦માં,

(૧) પેટા-કલમ (૧)માં, "કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, "આ અધિનિયમની કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૫-ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા; સન ૨૦૧૭નો ૧૩મો.

(૨) પેટા-કલમ (૨)માં, "કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, "આ અધિનિયમની કલમ ૯ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ અથવા સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૫-ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા; સન ૨૦૧૭નો ૧૩મો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૪માં, પેટા-કલમ (૨)માં, વિદ્યમાન પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો:-

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૩૪નો સુધારો.

"પરંતુ,-

(૧) આવો માલ લેનાર રજિસ્ટર થયેલી વ્યક્તિ હોય, ત્યારે આવી જમા નોંધ માટે આપવા પાત્ર હોય તેટલી ઈનપુટ વેરા શાખ લેવામાં આવી હોય અને માલ લેનાર દ્વારા ઉલટાવવામાં આવી ન હોય; અથવા

(૨) અન્ય કિસ્સામાં, આવા પુરવઠા પરના વેરાનું ભારણ, અન્ય કોઈ વ્યક્તિ પર નાખવામાં આવ્યું હોય,

-તો પુરવઠાકારની આઉટપુટ વેરાની જવાબદારીમાં કોઈપણ ઘટાડાની પરવાનગી આપવામાં આવશે નહિ.".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૩૮નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૮માં,-

(૧) પેટા-કલમ (૧)માં, “ઓટો-જનરેટેડ પત્રક” એ શબ્દોને બદલે, “પત્રક” એ શબ્દ મૂકવો;

(૨) પેટા-કલમ (૨)માં,-

(ક) “પેટા-કલમ (૧) હેઠળ ઓટો-જનરેટેડ પત્રકમાં” એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, “પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ પત્રકમાં” એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા;

(ખ) ખંડ (ક)માં, “અને” એ શબ્દ કમી કરવો;

(ગ) ખંડ (ખ)માં, “કલમ ૩૭ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરવામાં આવેલા સદરહુ પુરવઠાની વિગતોના કારણે,” એ શબ્દો, આંકડા અને કૌંસને બદલે, “કલમ ૩૭ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરવામાં આવેલા સદરહુ પુરવઠાના વિગતોના કારણ સહિત” એ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા;

(ઘ) ખંડ (ખ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

“(ગ) ઠરાવવામાં આવે તેવી અન્ય વિગતો.”.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૩૯નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૯માં, પેટા-કલમ (૧)માં, “અને તેટલી મુદતમાં” એ શબ્દોને બદલે, “તેટલા સમયમાં અને તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને” એ શબ્દો મૂકવા.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૦૭નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૭માં, પેટા-કલમ (૬)માં, વિદ્યમાન પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો:-

“પરંતુ કોઈ વેરાની માંગણીનો સમાવેશ કર્યા વગર દંડની માંગણી કરતા કોઈ હુકમના કિસ્સામાં, અપીલ કરનારે સદરહુ દંડની રકમના દસ ટકા જેટલી રકમ ભરી હોય તે સિવાય, આવા હુકમ સામે કોઈપણ અપીલ દાખલ કરી શકાશે નહિ.”.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૨નો સુધારો.

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૨માં, પેટા-કલમ (૮)માં, નીચેનો પરંતુક ઉમેરવો:-

“પરંતુ કોઈ વેરાની માંગણીનો સમાવેશ કર્યા વગર દંડ (પેનલ્ટી)ની માંગણી કરતા કોઈ હુકમના કિસ્સામાં, અપીલ કરનારે, કલમ ૧૦૭ની પેટા-કલમ (૬)ના પરંતુક હેઠળ ચૂકવવાપાત્ર રકમ ઉપરાંત, સદરહુ દંડની રકમના દસ ટકા જેટલી રકમ ભરી હોય તે સિવાય, આવા હુકમ સામે કોઈપણ અપીલ દાખલ કરી શકાશે નહિ.”.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની નવી કલમ ૧૨૨-ખ દાખલ કરવા બાબત.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૨-ક પછી, નીચેની કલમ દાખલ કરવી:-

ટ્રેક અને ટ્રેસ મિકેનિઝમનું પાલન કરવામાં ચૂક બદલ દંડ.

“૧૨૨-ખ. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલમ ૧૪૮કની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલ કોઈ વ્યક્તિ સદરહુ કલમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવાનું કૃત્ય કરે, ત્યારે તે, પ્રકરણ ૧૫ અથવા આ પ્રકરણની જોગવાઈઓ હેઠળના કોઈ દંડ ઉપરાંત, એક લાખ રૂપિયા અથવા આવા માલ પર ચૂકવવાપાત્ર વેરાના દસ ટકા, એ બેમાંથી જે વધુ હોય તેટલો દંડ (પેનલ્ટી) ચૂકવવા જવાબદાર થશે.”.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા અધિનિયમની નવી કલમ ૧૪૮ક દાખલ કરવા બાબત.

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪૮ પછી, નીચેની કલમ દાખલ કરવી:-

અમુક માલ માટે ટ્રેક અને ટ્રેસ મિકેનિઝમ.

“૧૪૮ક. (૧) સરકાર, કાઉન્સિલની ભલામણોના આધારે, જાહેરનામાથી, જેને આ કલમની જોગવાઈઓ લાગુ પડશે તેવા,-

(ક) માલ;

(ખ) આવા માલનો કબજો ધરાવતી હોય અથવા તેની (તે માલની) તજવીજ કરતી હોય તેવી વ્યક્તિઓ અથવા વ્યક્તિઓના વર્ગ,

-નિર્દિષ્ટ કરી શકશે.

(૨) સરકાર, પેટા-કલમ (૧)ના ખંડ (ક)માં ઉલ્લેખેલ માલના સંબંધમાં,-

(ક) વિશિષ્ટ ઓળખ ચિહ્ન લગાવી શકાય તે માટે અને તેમાં સમાવિષ્ટ માહિતીના ઇલેક્ટ્રોનિક સંગ્રહ અને પ્રાપ્તિ (એક્સેસ) માટે ઠરાવવામાં આવે તેવી વ્યક્તિઓ મારફત એક સિસ્ટમ (તંત્ર) પૂરી પાડી શકશે; અને

(ખ) તેમાં નોંધવાની માહિતી સહિત, આવા માલ માટે વિશિષ્ટ ઓળખ ચિહ્ન ઠરાવી શકશે.

(૩) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ વ્યક્તિઓએ,-

(ક) સદરહુ માલ અથવા તેના પેકેજ ઉપર ઠરાવવામાં આવે તેવી માહિતી ધરાવતું વિશિષ્ટ ઓળખ ચિહ્ન તેવી રીતે લગાવવું જોઈશે;

(ખ) ઠરાવવામાં આવે તેવી માહિતી અને વિગતો, તેટલા સમયમાં પૂરી પાડવી જોઈશે અને તેવા રેકર્ડ અથવા દસ્તાવેજો તેવા નમૂનામાં અને તેવી રીતે નિભાવવા જોઈશે;

(ગ) ઠરાવવામાં આવે તેવા માલના ઉત્પાદનના કામકાજના સ્થળે ઇન્સ્ટોલ કરેલ મશિનરીની, ઓળખ, ક્ષમતા, સંચાલન (ઓપરેશન)ના સમયગાળાની વિગતો સહિતની અને તેવી અન્ય વિગતો અથવા માહિતી, તેટલા સમયમાં, તેવા નમૂનામાં અને તેવી રીતે પૂરી પાડવી જોઈશે;

(ઘ) પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલ સિસ્ટમના સંબંધમાં ઠરાવવામાં આવે તેટલી રકમની ચુકવણી કરવી જોઈશે.".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-માની અનુસૂચિ ઉનો સુધારો.

૧૪. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૩માં,-

(૧) પરિચ્છેદ ૮માં, ખંડ (ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી અમલી બને તે રીતે દાખલ કરેલો છે એમ ગણાશે:-

"(કક) ખાસ આર્થિક ઝોનમાંના વેરહાઉસ (વખાર)માંના અથવા મુક્ત વેપાર વેરહાઉસિંગ (વખાર) ઝોનમાંના માલના નિકાસ માટેની મંજૂરી પહેલાં કોઈ વ્યક્તિને અથવા ડોમેસ્ટિક ટેરિફ એરિયામાં પૂરો પાડવો;";

(૨) સ્પષ્ટીકરણ ૨માં, "ના હેતુઓ માટે" એ શબ્દો પહેલાં, "ના ખંડ (ક)" એ શબ્દો, કૌંસ અને અક્ષર દાખલ કરવા અને તે સન ૨૦૧૭ ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી અમલી બને તે રીતે દાખલ કર્યા છે એમ ગણાશે;

(૩) સ્પષ્ટીકરણ ૨ પછી, નીચેનું સ્પષ્ટીકરણ દાખલ કરવું અને તે સન ૨૦૧૭ ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી અમલી બને તે રીતે દાખલ કર્યું છે એમ ગણાશે:-

"**સ્પષ્ટીકરણ ૩.**- પરિચ્છેદ ૮ ના ખંડ (કક)ના હેતુઓ માટે, "ખાસ આર્થિક ઝોન", "મુક્ત વેપાર વેરહાઉસિંગ ઝોન" અને "ડોમેસ્ટિક ટેરિફ એરિયા (વિસ્તાર)" એ શબ્દપ્રયોગોનો અર્થ, ખાસ આર્થિક ઝોન અધિનિયમ, ૨૦૦૫-ની કલમ ૨-માં અનુક્રમે તેમનો જે અર્થ આપવામાં આવ્યો છે તે જ થશે.". સન ૨૦૦૫-નો ૨૮ મો.

વસૂલ કરેલ વેરાનું કોઈ રિફંડ ન આપવા બાબત.

૧૫. મહત્ત્વના તમામ સમયે કલમ ૧૫ અમલમાં હોત તો આવા તમામ વેરાની એવી રીતે વસૂલાત કરવામાં આવી ન હોત, પરંતુ જે વેરા વસૂલ કરવામાં આવ્યા હોય તેવા તમામ વેરાનું કોઈ રિફંડ આપવામાં આવશે નહિ.

રદ કરવા બાબત અને અપવાદ.

૧૬. (૧) ગુજરાત માલ અને સેવા વેરા (દ્વિતીય સુધારા) વટહુકમ, ૨૦૨૫ આથી રદ કરવામાં આવે છે. સન ૨૦૨૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક. ૧.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો હોવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત સરકારે, માલ અથવા સેવાઓ અથવા તે બંનેના રાજ્યાંતર્ગત (રાજ્યની અંદર) પુરવઠા પર વેરો લેવા અને તેની વસૂલાત કરવા માટેની જોગવાઇ કરવાના ઉદ્દેશથી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ અધિનિયમિત કર્યો હતો.

માલ અને સેવા વેરા કાઉન્સિલે તેની ૫૫-મી બેઠકમાં, માલ અને સેવા વેરા કાયદામાં સુધારા કરવાની જરૂરીયાત દર્શાવતા વિવિધ નિર્ણયો લીધા છે. તદનુસાર, સંસદે નાણા અધિનિયમ, ૨૦૨૫થી, કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭માં સુધારો કર્યો છે. હવે, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોનો શક્ય હોય તેટલી ઝડપથી અમલ કરવાના ઉદ્દેશથી અને કેન્દ્રીય માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ અને ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની જોગવાઈઓ લાગુ પાડવામાં એકરૂપતા જાળવવાના હેતુથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ સુધારવાનું જરૂરી જણાયું છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર (તે સમયે) ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, ગુજરાત માલ અને સેવા વેરા (દ્વિતીય સુધારા) વટહુકમ, ૨૦૨૫ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તેથી, આ વિધેયકથી, સદરહુ વટહુકમના સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, આ વિધેયકની અગત્યની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવેલી છે:-

કલમ ૧.- આ કલમથી, ટૂંકી સંજ્ઞા અને આરંભ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૨.- આ કલમથી, વ્યાખ્યાઓને સંબંધિત ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૨ સુધારવા ધાર્યું છે.

સદરહુ કલમ ૨-ના ખંડ (૬૧)માં "ઈનપુટ સેવા વિતરક" ની વ્યાખ્યામાં સુધારો કરવા ધાર્યું છે જેથી કરીને ઈનપુટ સેવા વિતરકની વ્યાખ્યામાં સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૫-ની પેટા-કલમ (૩) અને પેટા-કલમ (૪)માં સંદર્ભ દાખલ કરીને, વિપરીત ચાર્જના આધારે વેરો ચૂકવવાનો હોય તેવા આંતર-રાજ્ય પુરવઠાને સંબંધિત ઈનપુટ સેવા વિતરક દ્વારા ઈનપુટ વેરા શાખના વિતરણ માટે સ્પષ્ટ રીતે જોગવાઈ કરી શકાય.

આ સુધારો સન ૨૦૨૫-ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

કલમ ૨-ના ખંડ (૬૯)ના પેટા-ખંડ (ગ)ને વધુ સુધારવા ધાર્યું છે જેથી કરીને "મ્યુનિસિપલ ફંડ અથવા સ્થાનિક ફંડ" એ શબ્દોને બદલે, "મ્યુનિસિપલ ફંડ અથવા સ્થાનિક ફંડ" એ શબ્દો મૂકી શકાય અને સદરહુ પેટા-ખંડ પછી, સ્પષ્ટીકરણ દાખલ કરી શકાય (અને) સદરહુ શબ્દોનો વ્યાપ સ્પષ્ટ કરવાના હેતુથી સદરહુ ખંડ હેઠળ "સ્થાનિક સત્તામંડળ"ની વ્યાખ્યામાં વપરાયેલ "સ્થાનિક ફંડ" અને મ્યુનિસિપલ ફંડ" એ શબ્દોની વ્યાખ્યાની જોગવાઇ કરી શકાય.

કલમ ૨-માં નવો ખંડ (૧૧૬ક) દાખલ કરવા પણ ધાર્યું છે જેથી કરીને ટ્રેક એન્ડ ટ્રેસ મિકેનિઝમના અમલીકરણ માટે, વિશિષ્ટ, સુરક્ષિત અને દૂર કરી ન શકાય તેવા ચિહ્નનો અર્થ સમજાવવા માટે "વિશિષ્ટ ઓળખ ચિહ્ન (યુનિક આઈડેન્ટિફિકેશન માર્કિંગ)" એ શબ્દપ્રયોગ વ્યાખ્યાયિત કરી શકાય.

કલમ ૩.- આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૨-ની પેટા-કલમ (૪) કમી કરવા ધાર્યું છે જેથી કરીને વાઉચરમાં લેવડદેવડના સંબંધમાં, માલનો પુરવઠો અથવા સેવાનો પુરવઠો ન હોય તેવા પુરવઠાના સમય માટેની જોગવાઇ દૂર કરી શકાય.

કલમ ૪.- આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૪) કમી કરવા ધાર્યું છે જેથી કરીને વાઉચરમાં લેવડદેવડના સંબંધમાં, માલનો પુરવઠો અથવા સેવાનો પુરવઠો ન હોય તેવા પુરવઠાના સમય માટેની જોગવાઇ દૂર કરી શકાય.

કલમ ૫.- આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૭ની પેટા-કલમ (૫)નો ખંડ (ઘ) સુધારવા ધાર્યું છે જેથી કરીને એવા કિસ્સામાં ઈનપુટ વેરા શાખ મેળવવાના હેતુ માટે, અર્થઘટનમાં કોઇ અસ્પષ્ટતા દૂર કરવા, "પ્લાન્ટ અથવા મશિનરી" એ શબ્દપ્રયોગના બદલે, "પ્લાન્ટ અને મશિનરી" એ શબ્દપ્રયોગ મૂકી શકાય.

કોઇ કોર્ટ અથવા બીજા કોઇ સત્તામંડળના કોઇ ચુકાદા, હુકમનામા અથવા હુકમમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, સદરહુ સુધારો કરવામાં આવે છે તેવું સ્પષ્ટ કરવા વધુમાં સ્પષ્ટીકરણ દાખલ કરવાનું ધાર્યું છે.

આ સુધારો સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી પશ્ચાદ્વર્તી અસરથી અમલમાં આવશે.

કલમ ૬.- આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૨૦-ની પેટા-કલમ (૧) સુધારવા ધાર્યું છે જેથી કરીને સદરહુ પેટા-કલમમાં સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૫-ની પેટા-કલમ (૩) અને પેટા-કલમ (૪)માં સંદર્ભ દાખલ કરીને, વિપરીત ચાર્જના આધારે વેરો ચૂકવવાનો હોય તેવા આંતર-રાજ્ય પુરવઠાને સંબંધિત ઇનપુટ સેવા વિતરક દ્વારા ઇનપુટ વેરા શાખના વિતરણ માટે સ્પષ્ટ રીતે જોગવાઇ કરી શકાય.

સદરહુ કલમની પેટા-કલમ (૨) વધુ સુધારવા ધાર્યું છે જેથી કરીને સદરહુ પેટા-કલમમાં સંકલિત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૫-ની પેટા-કલમ (૩) અને પેટા-કલમ (૪)માં સંદર્ભ દાખલ કરીને, વિપરીત ચાર્જના આધારે વેરો ચૂકવવાનો હોય તેવા આંતર-રાજ્ય પુરવઠાને સંબંધિત ઇનપુટ સેવા વિતરક દ્વારા ઇનપુટ વેરા શાખના વિતરણ માટે સ્પષ્ટ રીતે જોગવાઇ કરી શકાય.

આ સુધારો સન ૨૦૨૫-ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

કલમ ૭.- આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૩૪ની પેટા-કલમ (૨)નો પરંતુક સુધારવા ધાર્યું છે જેથી કરીને જમા નોંધને સંબંધિત પુરવઠાકારની વેરા જવાબદારીમાં ઘટાડો કરવાના હેતુ માટે, માલ લેનાર રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા સદરહુ જમા નોંધના સંબંધમાં ઇનપુટ વેરા શાખ લેવામાં આવી હોય, તો તત્સમાન ઇનપુટ વેરા શાખને ઉલટાવવાની જરૂરિયાત માટેની સ્પષ્ટ રીતે જોગવાઇ કરી શકાય.

વધુમાં, સદરહુ જમા નોંધને સંબંધિત પુરવઠાકારની વેરા જવાબદારીમાં ઘટાડો કરવાના હેતુ માટે, પુરવઠા પરના વ્યાજનું ભારણ (બીજી કોઇ વ્યક્તિ પર) નાખવામાં આવ્યું ન હોય તેવા સદરહુ પરંતુકમાંની શરતને દૂર કરવા ધાર્યું છે.

કલમ ૮.- આ કલમથી, સદરહુ પેટા-કલમની ઇનપુટ વેરા શાખના પત્રકના સંબંધમાં "ઓટો-જનરેટેડ" એ શબ્દપ્રયોગને કમી કરવા ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૩૮ની પેટા-કલમ (૧) સુધારવા ધાર્યું છે.

તેનાથી વધુમાં, સદરહુ કલમની પેટા-કલમ (૨)ની ઇનપુટ વેરા શાખના પત્રકના સંબંધમાં "ઓટો-જનરેટેડ" એ શબ્દપ્રયોગ કમી કરીને અને સદરહુ પેટા-કલમના ખંડ (ખ)માં, "વિગતોના કારણે" એ શબ્દોને બદલે, "વિગતોના કારણ સહિત" એ શબ્દપ્રયોગ દાખલ કરીને, સદરહુ પેટા-કલમ સુધારવા ધાર્યું છે, જેથી કરીને અધિનિયમની અન્ય કોઈ જોગવાઈઓ હેઠળ ઈનપુટ વેરા શાખ, વેરા ચૂકવનારને ઉપલબ્ધ ન હોય ત્યારે સદરહુ પેટા-કલમ હેઠળ અન્ય કેસો આવરી લઈ શકાય.

તેનાથી વધુમાં, ઈનપુટ વેરા શાખના પત્રકમાં રજૂ કરવાની અન્ય વિગતો ઠરાવવા સક્ષમ બનાવતા ખંડ માટે જોગવાઈ કરવા સદરહુ પેટા-કલમમાં નવો ખંડ (ગ) દાખલ કરેલ છે.

કલમ ૯.- આ કલમથી, સદરહુ પેટા-કલમ હેઠળ રિટર્ન ભરવા માટે શરતો અને નિયંત્રણો ઠરાવવા કલમને સક્ષમ બનાવવા માટેની જોગવાઈ કરવા ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૩૯ની પેટા-કલમ (૧) સુધારવા ધાર્યું છે.

કલમ ૧૦.- આ કલમથી, કોઇ વેરાની માંગણીનો સમાવેશ કર્યા વગર દંડની માંગણી કરતા કોઇ હુકમ સામે અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરવા માટે દંડની રકમના દસ ટકા જેટલી રકમ અગાઉથી ભરવાની જરૂરિયાતની જોગવાઈ કરવા ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૦૭ની પેટા-કલમ (૬)નો પરંતુક બદલવા ધાર્યું છે.

કલમ ૧૧.- આ કલમથી, કોઇ વેરાની માંગણીનો સમાવેશ કર્યા વગર દંડની માંગણી કરતા કોઇ હુકમ સામે અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરવા માટે દંડની રકમના દસ ટકા જેટલી રકમ અગાઉથી ભરવાની જરૂરિયાતની જોગવાઈ કરવા ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૧૨-ની પેટા-કલમ (૮)નો પરંતુક દાખલ કરવા ધાર્યું છે.

કલમ ૧૨.- આ કલમથી, ટ્રેક અને ટ્રેસ મિકેનિઝમને સંબંધિત જોગવાઈના ઉલ્લંઘનો માટે દંડાત્મક જોગવાઈ કરવા ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમમાં નવી કલમ ૧૨૨-ખ દાખલ કરવા ધાર્યું છે.

કલમ ૧૩.- આ કલમથી, નિર્દિષ્ટ ચીજવસ્તુઓના પુરવઠાની અસરકારક દેખરેખ અને નિયંત્રણ સુનિશ્ચિત કરવા માટે, ટ્રેક અને ટ્રેસ મિકેનિઝમના અમલીકરણને સક્ષમ બનાવતી જોગવાઈઓ કરવા માટે ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમમાં નવી કલમ ૧૪૮-ક દાખલ કરવા ધાર્યું છે.

કલમ ૧૪.- આ કલમથી, ખાસ આર્થિક ઝોનમાંના વેરહાઉસ (વખાર)માંના અથવા મુક્ત વેપાર વેરહાઉસિંગ (વખાર) ઝોનમાંના માલના નિકાસ માટેની મંજૂરી પહેલાં કોઇ વ્યક્તિને અથવા ડોમેસ્ટિક ટેરિફ એરિયામાં પૂરો પાડવાને, માલના પુરવઠા અથવા સેવાના પુરવઠા તરીકે ગણવામાં આવશે નહિ તેમ નિર્દિષ્ટ કરવા માટે ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની અનુસૂચિ ૩ના પરિચ્છેદ ૮માં નવો ખંડ (કક) દાખલ કરવા ધાર્યું છે.

તેનાથી વધુમાં, સદરહુ સ્પષ્ટીકરણ, સદરહુ અનુસૂચિના પરિચ્છેદ ૮ના ખંડ (ક)ના સંબંધમાં લાગુ પડશે તેવી સ્પષ્ટતા કરવા માટે સદરહુ અનુસૂચિનું સ્પષ્ટીકરણ ૨ સુધારવા ધાર્યું છે.

સદરહુ અનુસૂચિના પરિચ્છેદ ૮ માંના સૂચિત ખંડ (કક)ના હેતુ માટે, "ખાસ આર્થિક ઝોન", "મુક્ત વેપાર વેરહાઉસિંગ ઝોન" અને "ડોમેસ્ટિક ટેરિફ એરિયા (વિસ્તાર)" એ શબ્દપ્રયોગોને વ્યાખ્યાયિત કરવા માટે સદરહુ અનુસૂચિમાં સ્પષ્ટીકરણ ૩ દાખલ કરવાનું પણ ધાર્યું છે.

આ સુધારા સન ૨૦૧૭ ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી પશ્ચાદ્વર્તી અસરથી અમલમાં આવશે.

કલમ ૧૫.- આ કલમથી, ઉપર્યુક્ત પ્રવૃત્તિઓ અને લેવડદેવડોના સંબંધમાં પહેલેથી ચૂકવાયેલા હોય તેવા વેરાનું કોઈ રિફંડ આપવામાં આવશે નહિ તે સ્પષ્ટ કરવા ધાર્યું છે.

કલમ ૧૬.- આ કલમથી, સન ૨૦૨૫-નો ગુજરાત વટહુકમ ક્રમાંક. ૧ રદ કરવા માટેની અને તેના અપવાદ માટેની જોગવાઈ કરવા ધાર્યું છે.

કનુભાઇ દેસાઇ,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, કલમ ૬ સિવાયની આ અધિનિયમની જોગવાઈઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૮.- આ કલમથી દાખલ કરવા ધારેલી કલમ ૩૮ની પેટા-કલમ (૨)માં નવા ખંડ (ગ)થી, રાજ્ય સરકારને, પત્રકમાં ઉપલબ્ધ કરવાની અન્ય વિગતો નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૩.- (૧) કલમથી નવી દાખલ કરવા ધારેલી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની નવી કલમ ૧૪૮ક-ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, જાહેરનામાથી, જેને આ કલમની જોગવાઈઓ લાગુ પડશે તેવી વ્યક્તિઓ અથવા વ્યક્તિઓના વર્ગો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમથી દાખલ કરવા ધારેલી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની નવી કલમ ૧૪૮ક-ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, જેમના દ્વારા વિશિષ્ટ ઓળખ ચિહ્ન લગાવી શકાય તે માટે અને તેમાં સમાવિષ્ટ માહિતીના ઇલેક્ટ્રોનિક સંગ્રહ અને પ્રાપ્તિ (એક્સેસ) માટે એક સિસ્ટમ પૂરી પાડવી જોઈશે, તે વ્યક્તિઓને નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે. તેનાથી વધુમાં, રાજ્ય સરકારને, તેમાં નોંધવાની માહિતી સહિતના માલ માટે વિશિષ્ટ ઓળખ ચિહ્ન નિયમોથી જોગવાઇ કરવાની સત્તા પણ મળે છે.

(૩) આ કલમથી દાખલ કરવા ધારેલી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની નવી કલમ ૧૪૮ક-ની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, તેમાં સમાવિષ્ટ કરવાની માહિતી અને માલ અને તેના પેકેજ ઉપર વિશિષ્ટ ઓળખ ચિહ્ન લગાવવાની રીત, ખંડ (ખ) હેઠળ માહિતી અને વિગતો રજૂ કરવા માટેના નમૂના, રીત અને સમય તેમજ રેકર્ડ અથવા દસ્તાવેજો નિભાવવા બાબત; ખંડ (ગ) હેઠળ અન્ય વિગતો જે સમયની અંદર, જે નમૂનામાં અને જે રીતે પૂરી પાડવી જોઈશે તે સમય, નમૂનો અને રીત તેમજ સદરહુ પેટા-કલમના ખંડ (ઘ) હેઠળ ચૂકવવાની રકમ-નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૫. **કનુભાઈ દેસાઈ.**

ગુજરાતના રાજપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,
તારીખ : ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૫. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.10.14 13:48:37 IST